# તત્ત્વ જ્ઞાન

ધર્મપ્રિય, જ્ઞાનપિપાસુ, સ્વામીભાઈને પ્રણામ.... જય જિનેન્દ્ર,

તત્ત્વજ્ઞાન એટલે જૈન ધર્મનું મૂળભૂત જ્ઞાન, ધર્મના પાયાનું સ્પષ્ટજ્ઞાન કહેવાય છે. તત્ત્વજ્ઞાનથી અને તત્ત્વો ઉપરની શ્રદ્ધાથી જીવ ક્યારેય દુ:ખી થતો નથી અને પાપથી જલ્દી પાછો ફરી જાય છે. તે ખુબ ખુબ પુન્ય બાંધે છે. અને પરંપરાએ મોક્ષ મેળવે છે. પણ તે પૂર્વે કેટલીક સમજો લેવી જોઈએ જેમકે

## આપણો આત્મા કેવો છે? (લેશન – ૧)

સુખ ધર્મથી મળે છે. દુ:ખ પાપથી મળે છે. ભગવાન જગત બનાવતા નથી. ભગવાન જગતને બતાવે છે. આત્મા અનાદિકાળથી છે. આત્મા અનાદિકાળથી કર્મથી બંધાયેલો છે. સંસાર અનાદિકાળનો છે. કર્મના લીધે સંસાર છે.આત્મા અનંતજ્ઞાનમય છે. ભગવાન મોક્ષમાં ગયા પછી જન્મ લેતા નથી. આત્માનો કોઈ કાળે નાશ થતો નથી. સાચા જ્ઞાન અને ક્રિયાથી જ મોક્ષ થાય છે. દરેક આત્મા પરમાત્મા થઈ શકે છે. મોક્ષમાં આત્માને અનંત સુખ હોય છે. આપણો આત્મા પણ એક દિવસ જરૂર મોક્ષે જશે, પરંતુ ક્યારે? તો કહે છે કે તેને પ્રથમ શરીર (દેહ)ની અંદર રહેલા આત્માને ઓળખવો જરૂરી છે.

આપણો આત્મા અવિનાશી છે, વિનાશી નથી. ખરી રીતે આત્મા જન્મ – જરા મરણ થતી નથી. તેને ભૂખ લાગતી નથી, તેને ટાઢ–તડકો–માન–અપમાન–દેહ–વાણી–મન–ખાવાનું–પીવાનું–ફરવાનું–હરવાનું–ગતિ–અગતિ નથી. આત્માને ખરી રીતે વિષયોના ભોગ નથી, આત્માને ખરી રીતે કોઈ પર સંગ નથી. આ બધા કર્મના વિકારો છે. આત્માએ અજ્ઞાનથી સાચા સુખો માની લીધા છે. કર્મમુક્ત આત્મા તો સદા સુખી–આનંદી અપૂર્ણ જ્ઞાનસ્વરૂપ–નિરંજન–નિરાકાર છે. પરંતુ આત્માને કર્મથી મુક્ત કર્યા વિના આત્માનું મૂળ સ્વરૂપ પ્રગટ થતું નથી.

## આઠ કર્મો (લેશન – ૨)

બાળકો સંસારની બધી સુખ દુ:ખની ઘટનામાં કર્મ અગત્યનો ભાગ ભજવે છે. પરંતુ કર્મ કોને કહેવાય? તે પહેલા આપણે જાણીએ.

હિંસાદિ પાપો અને રાગ–દ્વેષાદિ દોષો વડે ઉપાર્જન કરેલા કાર્મણવર્ગણાઓના પુદ્ગલોનો આત્મા સાથે દુધ–પાણીની જેમ એકાકાર સંબંધ થાય છે. તેને જૈન દર્શનમાં કર્મ કહેવાય છે. તે કર્મના મુખ્ય આઠ પ્રકાર છે.

(૧) જ્ઞાનવરણીય કર્મ :– જ્ઞાનના –બુદ્ધિના વિકાસને રોકે તે જ્ઞાનાવરણીય કર્મ.

(૨) દર્શનાવરણીય કર્મ :– દર્શનની શક્તિને – જોવાની શક્તિને રોકે તે દર્શનાવરણીય કર્મ.

(૩) વેદનીય કર્મ :– આત્માના સ્વભાવિક અનંતસુખને રોકે તે વેદનીય કર્મ, અથવા સુખ–દુ:ખ આપે તે વેદનીય કર્મ.

(૪) મોહનીય કર્મ :– સંસારની મોહમાયામાં ફસાવે તે મોહનીય કર્મ.

(૫) નામ કર્મ :– મનુષ્ય–દેવ–નારક–પશુ–પક્ષીનાં રૂપો આપે તે નામ કર્મ.

(૬) ગોત્ર કર્મ :– ઉચ્ચકુળમાં કે નીચકુળમાં જન્મ આપે તે ગોત્ર કર્મ.

(૭) આયુષ્ય કર્મ :– મનુષ્ય–દેવ વગેરેનું આયુષ્ય આપે તે આયુષ્ય કર્મ

(૮) અંતરાય કર્મ :– દાન દેતાં–તપ કરતાં–ભોગ ભોગવવા વગેરે વિઘ્ન કરે તે અંતરાય કર્મ

અનાદિકાળથી જીવ કર્મ બાંધતો આવ્યો છે. પહેલાં કોઈ પણ વાર કર્મ બાંધતો ન હતો અને પછીથી જ બાંધવા માંડયો એવું નથી. પરંતુ પ્રવાહથી જુનાં કર્મોને ભોગવીને ખપાવે અને પાછાં નવાં નવાં કર્મો મોહ અને અજ્ઞાનતાના યોગે બાંધે, એ પ્રમાણે અનાદિકાળથી ક્રમ ચાલ્યો આવે છે., ત્યારે આપણને વિચાર આવે કે આમ

અનાદિકાળથી કેમ બનતું હશે? ત્યારે કહેવું પડે કે કારણ હોય તો કાર્ય બને. કર્મ બાંધવાનાં કારણોને જીવ આચરે છે. તેથી કર્મબંધનું કાર્ય થાય છે. કારણ બંધ થાય તો કાર્યનો પણ બંધ થાય છે.

તો પછી પ્રથમ કર્મ અને પછી આત્મા માનીએ તો, એમ પણ વિચાર આવે, પરંતુ, બાપ વગર બેટો ક્યાંથી જન્મ્યો? જો કર્મનો કર્તા આત્મા જ નહોતો તો પછી કર્મને ઉત્પન્ન કોણે કર્યો? અર્થાત્ કર્તા વગર કર્મ ન હોય. આથી આ વાત નિશ્ચિત પણે માનવી જોઈએ કે જ્યારથી આત્મા છે ત્યારથી કર્મ છે અને કર્મ છે ત્યારથી આત્મા છે. અને આ આત્મા અને કર્મના અનાદિ સંબંધનો અંત જેમ ખાણમાં સોનું માટી સાથે અનાદિકાળથી ભળેલું છે. છતાં તેને ખાણમાંથી કાઢી તેના ઉપર યોગ્ય સંસ્કારો કરી તેને માટીથી અલગ કરી શકાય છે, તેમ આત્માને પણ કર્મથી જોરદાર ધર્મ સાધના દ્વારા અલગ કરી શકાય છે. હવે તે કર્મો કેવી રીતે બંધાય છે તે પણ સમજી લેવું જોઈએ.

## કર્મ બંધના કારણો અને ઉપાયો (લેશન -૩)

તત્ત્વ જિજ્ઞાસુ... આપણે આત્મા જે આઠ કર્મથી બંધાયેલો છે. તેને મુક્ત કરવાં હવે પછી નવા કર્મોન બંધાય તે ખાસ ખ્યાલ રાખવો જોઈએ. તે માટે ;

જ્ઞાન કે જ્ઞાનના સાધનો ઉપર દ્વેષ કરવો, જ્ઞાનના સાધનો પછાડવા, ફાડવા ગતે ત્યાં ફેંકવાં, જ્યાં ત્યાં ગંધાતી જગ્યાએ નાંખી દેવા નહિ. પેન - પેન્સિલથી કાન ખોતરવા નહિ, નાંકમાં મોમાં નાખવી નહિ. કાગળના છાપા ઉપર બેસવું, ખાવું, પીવું, સૂવું ઊભા રહેવું નહિ. લખેલા અક્ષરો ઉપર પગ મુકવો નહિ કે પુસ્તકો પાસે રાખી પેશાબ કરવો નહિ. તથા એંઠા મોંઢે પાણી પીધા વિના બોલવું નહિ. ભણતાને અંતરાય કરવો નહિ. જ્ઞાનની નિંદા તથા દ્વેષ કરવો નહિ. અકાળે ભણવું નહિ. અશુદ્ધ ભણવું-ભણાવવું નહિ. જેની પાસે ભણ્યા તેનું નામ છૂપાવવું નહિ. જ્ઞાનીનો વિનય કરવો-બહુમાન કરવું જેથી નવા જ્ઞાનાવરણીય કર્મો બંધાય નહિ અને જૂના છૂટી જાય છે.

હવે દર્શનાવરણીયકર્મ જીવ કેવી રીતે બાંધે છે અને તેનાથી છૂટવા શું કરવું તે જોઈએ, કોઈ પણ વ્યક્તિના આંખ, નાક, જીભ, વગેરેનો નાશ કરવો, કાપી નાંખવી, નુકશાન પહોંચાડવું. દર્શન કરવા લાયક સાધુસંતો, ઋષિઓ, તપસ્વીઓનો, બ્રહ્મચારીઓનો નાશ કરવો, મારી નાંખવા, સાધુઓ તપસ્વીઓને મુશ્કેલીમાં મૂકવા, અપમાન કરવું. સાધુ પ્રત્યે દ્વેષભાવ રાખવો. સાધુઓની નિંદા ટીકા વગેરે કરવાથી પરભવમાં જૈન ધર્મ પ્રાપ્ત થતો નથી. તથા સમ્યગ્દર્શન શુદ્ધિ કરનારાં પુસ્તકો (ધર્મ ગ્રંથો) નો નાશ કરવો, આશાતના કરવી અથવા તે ગ્રંથો ભણવાથી શું લાભ ? એમ અવજ્ઞા કરવી, આંધળા, બહેરા, બોબડા, બુચા, લુલા લંગડા માણસો ના ચાળા પાડવા-સતાવવા વગેરે. તે ઉપરાંત ભગવાનના ચક્ષુઓની ચોરી કરવી, તોડી નાંખવાં, ઉતારી નાંખવા, દર્શનીય, વંદનીય એવી ભગવાનની મૂર્તિ તરફ અનાદર રાખવો, મૂર્તિમાં પત્થર બુદ્ધિ રાખવી, ભગવાન વીતરાગની મૂર્તિનાં દર્શન કરનારને અંતરાય કરવો. કોઈ ભક્તને ભગવાનની મૂર્તિ પ્રત્યેનો સદ્ભાવ તોડાવી નાંખવો. ષટ્કાયની હિંસા વગેરે કરવાથી પણ આ દર્શનાવરણીય કર્મ બંધાય છે. પરંતુ દેવ-ગુરૂ-ધર્મગ્રંથો-સંતો પ્રત્યે આદર - બહુમાન ભાવ રાખવાથી, સેવા ભક્તિ કરવાથી કર્મોથી મુક્ત થવાય છે.